# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. સંસદના ચોમાસુ સત્રના આરંભે પહલગામ આતંકવાદી હુમલો અને અમદાવાદની વિમાનની દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરાયું.

2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પક્ષાપક્ષીના રાજકા રણથી દૂર રહી સંસદમાં તંદૂરસ્ત ચર્ચામાં ભાગ લેવા તમામ સાંસદોને અપીલ કરી.

3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન સમગ્ર વિશ્વએ ભારતના લશ્કરી સામર્થ્યને નિહાળ્યું.

4. આજે કર્ણાટક, હિમાચલ પ્રદેશ , તેલંગાણા અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી.

5. સીરિયામાં સાંપ્રદાયિક હિંસા બાદ ડ્રુઝ લડવૈયાઓ , બેડૉઈન આદિવાસીઓ અને સરકારી સુરક્ષા દળો વચ્ચે યુદ્ધવિરામ.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS-RS-ADJOURN

સંસદના ચોમાસુ સત્રનો આજથી પ્રારંભ થયો છે જે 21 ઓગસ્ત સુધી ચાલશે.

આજે સવારે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં આઠ ભૂતપૂર્વ સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સાથે પહેલગામ આતંકવાદી હુમલા અને એર ઇન્ડિયા **AI**-171 વિમાન દુર્ઘટનાના પીડિતોને પણ શ્રદ્ધાંજલિ આપી હતી. ઉપરાંત વિવિધ રાજ્યોમાં કુદરતી આફતોમાં થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કરાયું હતું.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને સભ્યોએ ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની સફળ સફર બદલ અભિનંદન આપ્યા હતા. બાદમાં પ્રશ્નકાળ શરૂ થતાં કોંગ્રેસ , સપા, ડીએમકે અને અન્ય વિપક્ષી સભ્યોએ વિવિધ મુદ્દાઓ પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

રાજ્યસભામાં પણ સ્વર્ગસ્થ સભ્યોને શ્રદ્ધાંજલિ બાદ પ્રશ્નકાળ શરૂ થતાં વિવિધ પક્ષો દ્વારા સૂત્રોચ્ચાર કરાયા હતા.દરમિયાન વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી સભ્યો દ્વારા કરવામાં આવેલા નારાબાજી વચ્ચે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . .

# BIRLA-MONSOON SESSION

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સંસદના ચોમાસુ સત્ર દરમિયાન રાષ્ટ્રીય હિતોના રક્ષણ માટે તમામ સભ્યોની સામૂહિક ભૂમિકાના  મહત્વ ઉપર ભાર મૂક્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી બિરલાએ તમામ પક્ષોના ફ્લોર લીડર્સ અને સભ્યોને ગૃહના સુગમ કાર્યમાં સહયોગ આપવા તથા રચનાત્મક ચર્ચાઓ અને સ્વસ્થ લોકશાહી સંવાદ માટે અપીલ કરી હતી. જેથી ગૃહ સમાવેશી વિકાસ , સામાજિક ન્યાય અને આર્થિક પ્રગતિ માટે નક્કર પગલાં લઈ શકે.

આ ચોમાસુ સત્ર અર્થપૂર્ણ અને સફળ રહેશે અને બધા સાથે મળીને લોકશાહી ચેતના, વિવિધતામાં એકતા અને બંધારણીય મૂલ્યોને વધુ મજબૂત બનાવવામાં અર્થપૂર્ણ યોગદાન આપશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .

# RS-OATH & TRIBUTES

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે આજે ગૃહના બે ચૂંટાયેલા અને ત્રણ નામાંકિત સભ્યોને શપથ લેવડાવ્યા. આસામમાંથી ચૂંટાયેલા બે સભ્યોમાં એજીપીના બિરેન્દ્ર પ્રસાદ વૈશ્ય અને ભાજપના કણદ પુરકાયસ્થનો સમાવેશ થાય છે જ્યારે નામાંકિત સભ્યોમાં ડૉ. મીનાક્ષી જૈન , સી સદાનંદન માસ્ટર અને હર્ષવર્ધન શ્રૃંગલાનો સમાવેશ થાય છે.

આ સાથે રાજ્યસભાના સ્વર્ગસ્થ સાત ભૂતપૂર્વ સભ્યોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

. . . . . . . . .

# PM-MONSOON SESSION

સંસદના ચોમાસુ સત્રના આરંભ અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશા વ્યક્ત કરી હતી કે સંસદનું ચોમાસુ સત્ર ફળદાયી અને સમૃદ્ધ ચર્ચાઓથી ભરેલું રહેશે, જે દેશના લોકશાહીને મજબૂત બનાવશે. સંસદના ચોમાસુ સત્રની શરૂઆત પહેલાં મીડિયાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે , આ સત્ર રાષ્ટ્ર માટે ગર્વની ક્ષણ છે , આપણી સામૂહિક સિદ્ધિઓની સાચી ઉજવણી છે. પ્રધાનમંત્રીએ તમામ પક્ષના સાંસદોને આજથી શરૂ થઈ રહેલા ચોમાસુ સત્રના સુચારુ સંચાલનમાં સહયોગ આપવા વિનંતી કરી.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી –HEALTHY DISCUSSION

પ્રધાનમંત્રીએ કહ્યું કે , વિશ્વએ ભારતની લશ્કરી શક્તિની તાકાત જોઈ છે. તેમણે કહ્યું કે , ઓપરેશન સિંદૂરમાં , ભારતીય સૈનિકોએ 100 ટકા સફળતા સાથે પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કર્યો , આતંકવાદ પાછળના માસ્ટરમાઇન્ડ્સને તેમના ઠેકાણાઓમાં તોડી પાડ્યા. તેમણે કહ્યું કે , તેઓએ માત્ર 22 મિનિટમાં તેમના મિશન ઉદ્દેશ્યો પૂર્ણ કર્યા. પ્રધાનમંત્રીએ કહ્યું કે , પહેલગામમાં થયેલા ક્રૂર હત્યાકાંડે સમગ્ર વિશ્વને આઘાત આપ્યો અને આતંકવાદ અને તેના કેન્દ્ર તરફ વૈશ્વિક ધ્યાન દોર્યું. તેમણે કહ્યું કે , પક્ષની રેખાઓથી ઉપર ઉઠીને અને રાષ્ટ્રના હિતને પ્રાથમિકતા આપતા, મોટાભાગના રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ વિવિધ દેશોમાં પ્રવાસ કર્યો અને આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનની ભૂમિકાને ઉજાગર કરવા માટે સામૂહિક રીતે ખૂબ અસરકારક અભિયાન ચલાવ્યું.

# બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી , DELIGATION

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે , ભારતે ઘણા હિંસક પડકારોનો સામનો કર્યો છે , પછી ભલે તે આતંકવાદ હોય કે નક્સલવાદ , પરંતુ આજે , નક્સલવાદ અને માઓવાદનો પ્રભાવ ઝડપથી ઘટી રહ્યો છે. તેમણે કહ્યું કે , ભૂતકાળના લાલ કોરિડોર હવે વિકાસ અને વિકાસના ગ્રીન ઝોનમાં પરિવર્તિત થઈ રહ્યા છે. શ્રી મોદીએ કહ્યું કે, આજે, દેશભરના ઘણા જિલ્લાઓ નક્સલવાદથી મુક્ત છે.

# બાઇટ- PM NAXAL

શ્રી મોદીએ ભાર મૂક્યો કે સંરક્ષણ ક્ષેત્રમાં ચાલી રહેલા સંશોધન અને વિકાસને ખૂબ જ જરૂરી પ્રોત્સાહન મળશે, અને તે દેશના યુવાનો માટે રોજગાર અને નવીનતા માટે નવી તકો પણ ખોલશે. તેમણે કહ્યું કે , ડિજિટલ ઇન્ડિયા વૈશ્વિક સ્તરે મોજા બનાવી રહ્યું છે , જેમાં UPI ઘણા દેશોમાં લોકપ્રિયતા મેળવી રહ્યું છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે તે ફિનટેકની દુનિયામાં એક માન્ય નામ બની ગયું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, 2014 પહેલા, ભારત વૈશ્વિક અર્થતંત્રમાં 10મા ક્રમે હતું. તેમણે કહ્યું કે, આજે, ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

.......

# IMD WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના કર્ણાટક , હિમાચલ પ્રદેશ , તેલંગાણા અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, બિહાર, છત્તીસગઢ, કેરળ, માહે, કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પણ આગામી 2-3 દિવસ દરમિયાન ભારે વરસાદ થવાની શક્યતા છે.

આજે આંદામાન અને નિકોબાર ટાપુઓ , ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે. આંદામાન અને નિકોબાર ટાપુઓ પર આ મહિનાની 26મી તારીખ સુધી ગાજવીજ સાથે વાવાઝોડાની સંભાવના છે.

. . . . . . . . .

# CEASEFIRE SYRIA

સીરિયાના સુવાયદા પ્રાંતમાં એક અઠવાડિયાની સાંપ્રદાયિક હિંસા બાદ ડ્રુઝ લડવૈયાઓ, બેડૉઈન આદિવાસીઓ અને સરકારી સુરક્ષા દળો વચ્ચે યુદ્ધવિરામ લાગુ થયો છે.

સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સના જણાવ્યા અનુસાર , આ હિંસામાં અત્યાર સુધીમાં 800 થી વધુ લોકો માર્યા ગયા છે. રાષ્ટ્રપતિ અહેમદ અલ-શરાએ 19 જુલાઈએ યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. 13 જુલાઈએ દમાસ્કસ હાઇવે પર ડ્રુઝ ઉદ્યોગપતિના અપહરણ બાદ ડ્રુઝ પ્રભુત્વ ધરાવતા પ્રાંતમાં તણાવ વધ્યો હતો.

આ પછી , ઇઝરાયલે ડ્રુઝ લઘુમતીઓને બચાવવા માટે સીરિયના લશ્કરી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. સંયુક્ત રાષ્ટ્ર, અમેરિકા અને યુરોપિય સંઘ સહિત આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા યુદ્ધવિરામનું સ્વાગત કરવામાં આવ્યું છે.

ઇઝરાયલી સંરક્ષણ મંત્રી ઇઝરાયલ કાત્ઝે ચેતવણી આપી છે કે જો સીરિયાના વિવિધ જૂથો વચ્ચે એકતા નિષ્ફળ જશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# J&K-SEARCH-LANDSLIDE

જમ્મુ કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં સુરક્ષા દળો અને પોલીસની સંયુક્ત ટીમે જંગલોમાં છુપાયેલા આતંકવાદીઓને શોધવા આજે ફરીથી તપાસ અભિયાન શરૂ કર્યું છે. હિઝબુલ મુજાહિદ્દીનના બે આતંકવાદીઓ સહિત 30 લાખ રૂપિયાના ઈનામ ધરાવતાં આતંકવાદીઓ સાથેની અથડામણ બાદ શરૂ થયેલી કાર્યવાહી રાત્રે બંધ રહ્યા બાદ ફરીથી શરૂ થઈ છે. હાલ ડ્રોન અને સ્નિફર ડોગ્સ તૈનાત કરવામાં આવ્યા છે.

દરમિયાન, રિયાસી જિલ્લામાં, કટરા ખાતે ભારે વરસાદને કારણે વૈષ્ણોદેવી મંદિર જવાના જૂના માર્ગ નજીક ભૂસ્ખલનમાં ચાર યાત્રાળુઓ ઘાયલ થયા હતા. બચાવ કામગીરી ચાલુ છે. તમામ ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

. . . . . .